આકાશવાણી, અમદાવાદ

05-01-2026 Midday: 2.30 PM

Monday Regional News

## PM SOMNATH

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર પર વિદેશ આક્રાંતાઓ દ્વારા કરાયેલા હુમલાને આ વર્ષે એક હજાર વર્ષ પૂર્ણ થયાં છે. પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદીએ છેલ્લી કેટલીક સદીઓમાં થયેલા હુમલાઓ બાદ પણ સોમનાથ મંદિરને ભારતીય સભ્યતાની આત્માનું જીવંત ઉદાહરણ ગણાવ્યું.

શ્રી મોદીએ કહ્યું, સોમનાથ શબ્દ સાંભળતા જ દેશવાસીઓના મનમાં અપાર હિમ્મત અને ગર્વની અનુભૂતિ થાય છે. તેમણે કહ્યું, દેશની શાશ્વત પરંપરાનું પ્રતીક સોમનાથ મંદિર ગુજરાતના પશ્ચિમી દરિયાકાંઠા વિસ્તાર પ્રભાસપાટણમાં આવેલું છે.

સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારમાં યોગદાન આપનારા લોકોના પ્રયાસની પ્રશંસા કરતા શ્રી મોદીએ કહ્યું, વર્ષ 2026માં વધુ એક મહત્વની સિદ્ધિ મળશે કે, જ્યારે જીર્ણોદ્ધાર બાદ મંદિરભક્તો માટે ખૂલ્લું મુકાયું તેને 75 વર્ષ પૂર્ણ થશે. વર્ષ 1951માં તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉક્ટર રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો અને મંદિરને ફરી ખૂલ્લું મુકાયું હતું.

. . . . . . . . . . . . . .

## GANDHINAGAR TYPHOID CASE

ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસની સંખ્યા 132 થઈ છે. હાલમાં સિવિલ હૉસ્પિટલમાં દાખલ સાત દર્દીને રજા અપાઈ છે. જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં 75 જેટલી ટીમ સર્વેલન્સ કરી રહી છે.

. . . . . . . . . . . . . .

## RAJKOT SANGHAVI ON TYPHOID

ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, આ માટેની તપાસ કરવા મહાનગરપાલિકાએ સંપૂર્ણ ટુકડી બનાવી છે. રાજકોટમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સંઘવીએ પાણી સંબંધિત સમસ્યાનું સંપૂર્ણ નિરાકરણ કરાયું હોવાનું પણ જણાવ્યું.

. . . . . . . . . . . . . .

## KATHOD UTPADAN

રાજ્યમાં છ વર્ષમાં કઠોળનું ઉત્પાદન બમણું થયું છે. સત્તાવાર યાદી મુજબ, સિંચાઈ માટે પૂરતું પાણી અને ઉપજ ના પોષણક્ષમ ભાવ મળતા રાજ્યના ખેડૂતો કઠોળની ખેતી તરફ વળ્યા છે. તેના કારણે હાલ વાર્ષિક 20 લાખ મૅટ્રિક ટનથી વધુ કઠોળનું ઉત્પાદન થઈ રહ્યું છે. રાજ્યના કઠોળ ઉત્પાદનમાં 70 ટકાથી વધુનો હિસ્સો ચણાનો છે. જ્યારે તુવેરના ઉત્પાદનમાં પણ છેલ્લા કેટલાક વર્ષમાં 45 ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

. . . . . . . . . . . . .

## MEHSANA RAVI PAK

મહેસાણા જિલ્લામાં અત્યાર સુધી એક લાખ 86 હજાર હૅક્ટર જમીનમાં રવિ પાકનું વાવેતર થયું છે. રાયડાનું 24 હજાર હૅક્ટર, ઘઉંનું 68 હજાર હૅક્ટર, બટાકાનું 11 હજાર હૅક્ટરમાં વાવેતર કરાયું છે. ગયા વર્ષે જિલ્લામાં એક લાખ 92 હજારથી વધુ હૅક્ટરમાં વાવેતર થયું હતું.

. . . . . . . . . . . . . .

## KUTCH ACCCIDENT

કચ્છ જિલ્લાના દેશલપર–મગવાણા ધોરીમાર્ગ પર ટ્રક પલટી જતા આગ લાગતાં યુવકનું ઘટના સ્થળે જ મોત થયું છે. અગ્નિશમન દળની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટના અંગે નખત્રાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

## STATE WEATHER UPDATE

રાજ્યમાં ફરી એક વાર ઠંડીનું જોર વધતાં અનેક જિલ્લા અને શહેરમાં તાપમાનનો પારો ગગડ્યો છે. હાલમાં સાત ડિગ્રી સૅલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું છે.
અરવલ્લી જિલ્લામાં પણ ગત મોડી રાતથી સવાર સુધી પવનના કારણે ઠંડી વધુ છે. આ અંગે અમારા પ્રતિનિધિનો અહેવાલ સાંભળીએ.

. . . . . . . . . . . . .

## SURENDRANAGAR DEMOLITION

સુરેન્દ્રનગરમાં ચોટીલા રાજમાર્ગ પર ગેરકાયદે બાંધકામ કરી હૉટેલ્સ પર દબાણ હટાવાયું. નાયબ કલેક્ટર અને તેમની ટુકડી દ્વારા મઘરીખડા ગામ પાસે આવેલી અમરદીપ હૉટેલ અને તેની સાથેનું ગેરકાયદે બાંધકામ તોડી પડાયું. આ સાથે જ 16 કરોડ રૂપિયાથી વધુની કિંમતની સરકારી જમીન ખૂલ્લી કરાવાઈ હોવાનું નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાએ જણાવ્યું.

. . . . . . . . . . . . . .